# નીરવ મોદીની સીલ કંપનીમાં આગ

**વીજળી,** પાણી, ડ્રેનેજ સહિતનાં બધાં કનેક્શન કાપેલાં હોવા છતાં આગ લાગી. જેના કારણે આગને લઈને સૌથી મોટા સવાલ ઊભો થાય છે



સુરતઃ સચિન જીઆઈડીસી સ્પેશિયલ ઈકોનોમી ઝોન (SEZ)માં ફાયર સ્ટાર ડાયમંડ નામની બંધ કંપનીમાં ભીષણ આગની ઘટના સામે આવી છે. ગઈકાલે રાત્રે અંદાજે 9:00 કલાકે કંપનીના બે માળના બિલ્ડિંગના પ્રથમ માળ પર લાગેલી આગ પર ફાયર વિભાગે કાબૂ મેળવી લીધો હતો. કંપની છેલ્લા પાંચથી છ વર્ષથી બંધ હાલતમાં હતી, તેમ છતાં અંદર મોટા પ્રમાણમાં કાગળના દસ્તાવેજો, ફાઈલો અને અન્ય સામગ્રી સંગ્રહિત હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. આગ સતત ભભૂકી રહી હોવાથી અને ભારે પ્રમાંણમાં ધુમાડો ફેલાઈ જતાં વહેલી સવારે સુરત ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવી હતી. જેને પગલે આજે સવારે 6:30 કલાકે ભેસ્તાન ફાયર સ્ટેશનનો ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર ફાઈટરો દ્વારા અંદરનો સામાન બહાર કાઢી સતત આગ ઓલવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. લાંબી અને કઠિન કામગીરી બાદ અંતે બપોરે આશરે 12:00 કલાકે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

આગમાં કંપનીમાં રાખેલી ઓફિસ વર્કની ફાઈલો, મહત્વપૂર્ણ દસ્તાવેજો, કાગળના જથ્થા, ઈલેક્ટ્રિકલ વાયરિંગ, ફર્નિચર, એસી, કમ્પ્યુટરો, તિજોરી તેમજ પીઓપી સહિતનો સમગ્ર સામાન બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગયો હતો. સદનસીબે કંપની બંધ હાલતમાં હોવાને કારણે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. ફાયર વિભાગના જણાવ્યા મુજબ, ફાયર સ્ટાર ડાયમંડ કંપની કસ્ટમ વિભાગના નિયમોમાં નહીં આવતી હોવાથી છેલ્લા ઘણાં વર્ષોથી સીલ લાગી ગયા બાદ બંધ અવસ્થામાં જ હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં લાગેલી બંધ કપંનીની આગને લીધે અનેક સવાલો ઊભા થયા છે. વર્ષોથી બંધ કંપનીમાં મોટા પ્રમાણમાં દસ્તાવેજો અને સામગ્રી કેમ રાખવામાં આવી હતી? સુરક્ષા વ્યવસ્થા કેટલી હતી? અને આગ લાગવાનું સાચું કારણ શું હતું? આ તમામ મુદ્દાઓ પર હવે અનેક સવાલો ઉભા થઈ રહેતાં તેની ઉપર તપાસની માંગ ઉઠી રહી છે.

### ISPL લીગ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન થકી

# ગલી ક્રિકેટવાળાને રાષ્ટ્રીય સ્તરે તકનો પ્રયાસ: અમિતાભ

**અમિતાભ,** સચિન તેંડુલકર, અક્ષયકુમાર, રામ ચરણ, સૂર્યાની હાજરીમાં સુરતના આંગણે ISPL ક્રિકેટ લીગનો પ્રારંભ





સુરત : સુરતના આંગણે SDCA સંચાલિત લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે આજે ઇન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લિગ (ISPL) ની સિઝન 3 નો સદીના મહાનાયક અમિતાભ બચ્ચન અને સચિન તેંડુલકરની હાજરીમાં પ્રારંભ થયો છે.

લોન્ચિંગ પ્રસંગે બોલિવુડના મહાનાયક અમિતાભ બચ્ચને કહ્યું હતું કે, ISPL ગલી ક્રિકેટ રમતા ક્રિકેટરોને રાષ્ટ્રીય સ્તરે તક આપવાનો પ્રયાસ છે, સાધારણ પરિવારના લોકોને પણ આ ટુર્નામેન્ટથી પ્લેટફોર્મ મળશે. સચિન તેંડુલકરે કહ્યું કે, કેટને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવામાં આઈએસપીએલનું પ્લેટફોર્મનો મોટો ફાળો છે. અમે આ પ્રયાસ થકી ગલી મોહલ્લામાંથી સારા ક્રિકેટર મળે એવો પ્રયાસ કરી રહ્યાં છીએ. લાલભાઇ પ્રથમ એન્ટ્રી અમિતાભ અને સચિન તેંડુલકરની થઈ હતી. એ પછી સાઉથના સુપર સ્ટાર સૂર્યા, રામચરણ આવ્યા અને છેલ્લે અભિનેતા અક્ષય કુમારે લોકોનું મનોરંજન કર્યું હતું. અનુપમા ફેઈમ રૂપાલી ગાંગુલીના હોસ્ટિંગમાં આઈએસપીએલની ત્રીજી સિઝનનો શુભારંભ થયો હતો. લાલભાઇ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમમાં સચિન તેંડુલકરે બે કરોડથી વધુ કિંમતની પોર્શે કારમાં ગ્રાન્ડ એન્ટ્રી કરી હતી. આઈએસપીએલ સિઝન ત્રણની ચમચમાતી ટ્રોફી પણ સચિન જ લાવ્યા હતા. આ પ્રસંગે રામચરણ, સૂર્યા, અર્પિતા ખાન, મોહમ્મદ કૈફ, આશિષ સેલાર, સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# શહેરમાં એક જ દિવસમાં હત્યાની બે ઘટના

**ડિંડોલીમાં** પત્નીની કોમેન્ટ કરનારને પતાવી નાંખ્યો

**તમે** બહુ પાવરમાં આવી ગયા છો તેમ કહી કાપોદ્રામાં મિત્રો પર હુમલામાં એકનું મોત

સુરતઃ શહેરના ડિંડોલી વિસ્તારમાં પત્ની માટે કોમેન્ટ કરનાર મિત્રને અન્ય બે મિત્રોએ પતાવી નાંખ્યો હતો. જ્યારે કાપોદ્રામાં જૂની અદાવતમાં હત્યાની ઘટના સામે આવી હતી.

ડિંડોલી રાધાકૃષ્ણનગરમાં રહેતા ઉમાશંકરસિંઘ રાજબહાદુરસિંઘ ગઇકાલે નોકરી પરથી આવ્યા બાદ તેમના બે મિત્રો આશુ (રહે. શ્યામવિલા રેસિડેન્સી, ડિંડોલી) અને દિલ્લુ યાદવ (રહે. જગદંબાનગર, ડિંડોલી) સાથે માનસી રેસિડેન્સી પાસેના ખુલ્લા મેદાનમાં બેસવા ગયા હતા. ત્રણેય મિત્રો વાતો કરી રહ્યા હતા ત્યારે અચાનક ઉમાશંકરે આશુની પત્ની વિશે બીભત્સ ટિપ્પણીઓ કરી હતી. આ બાબતે આશુએ તેને ટોક્યો હતો અને પત્ની વિશે આવી વાતો ન કરવા જણાવ્યું હતું. જોકે, ઉમાશંકરે વાત સુધારવાને બદલે ગાળાગાળી શરૂ કરી દેતા મામલો બિચક્યો હતો. પત્નીના અપમાનથી રોષે ભરાયેલા આશુ અને દિલ્લુએ ઉમાશંકર પર હુમલો કરી દીધો હતો. આરોપીઓએ ઉમાશંકરને ઢીક-મુક્કી અને નજીકમાં પડેલા બોથડ પદાર્થ વડે માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડતા તેનું મોત થયું હતું. અન્ય બનાવની વાત કરીએ તો ગત 08/01/2026ની સાંજે છ વાગ્યાના અરસામાં કાપોદ્રા ચાર રસ્તા પાસે રવાણી કારખાનાની દીવાલ નજીક જાહેર રોડ પર ફરિયાદી હિમ્મતભાઈ હીડિયા તેમના મિત્રો મંગલ ઉર્ફે બારીક અને નિતિન ચાવડા સાથે બેઠા હતા. તે સમયે આરોપીઓ રાહુલ નાવડિયા, તારક માંગુકિયા, યાજ્ઞીક જોશી અને જૈવિન સભાડિયા ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ તમે બહુ પાવરમાં આવી ગયા છો, તમારો ઇલાજ કરવો પડશે તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. તકરાર ઉગ્ર બનતા રાહુલ નાવડિયાએ છરા વડે આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કર્યું હતું. આ હુમલામાં મંગલ ઉર્ફે બારીકને પીઠના ભાગે જીવલેણ ઇજાઓ પહોંચતા તેનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે મિત્રને પણ નાની-મોટી ઇજાઓ થઇ હતી. આ ઘટનામાં પોલીસે ૧.યાજ્ઞીક મુકુંદભાઇ જોષી (ઉ.વ.૨૨, રહે. અનુરાધા સોસાયટી, કાપોદ્રા,મૂળ ભાવનગર), ૨.તારક જીતેન્દ્ર ભાઇ માંગુકિયા (ઉ.વ.૧૮,રહે. મેઘ મલ્હાર રેસીડેન્સી, સર થાણા,મૂળ ભાવનગર), ૩.જૈવિન ભરતભાઇ સભાડીયા (ઉ.વ.૨૫, રહે. કિરણપાર્ક, કઠોર,મૂળ ભાવનગર), ૪. રાહુલ દિલીપભાઇ નાવડીયા (ઉ.વ.૨૪, રહે. સિદ્ધીવિનાયક સોસાયટી, લસકાણા,મૂળ ભાવનગર)ની ધરપકડ કરી હતી.

### પત્નીએ ફોન કર્યો ત્યારે ઝઘડો ચાલતો હોવાનું કહ્યું હતું

રાત્રે અંદાજે 1.30 વાગ્યે પત્નીએ ફોન કરતા ઉમાશંકરે પોતાના મિત્રો આશુ અને દિલ્લુ સાથે માનસી રેસિડન્સીના મેદાનમાં બેઠા હોવાનું અને એક મેટરમાં ઝઘડો ચાલી રહ્યો હોવાનું કહી ફોન કાપી નાખ્યો હતો. ત્યારબાદ સવાર સુધી ઉમાશંકર ઘરે આવ્યા નહોતા તેમજ તેમનો ફોન સ્વિચ ઓફ હતો. જેથી સબંધી સુજરસિંઘને તપાસ કરવા મોકલતા તપાસ દરમિયાન ઉમાશંકરની લાશ સ્મીમેર હોસ્પિટલમાં હોવાની માહિતી મળી હતી.

# મા-બાપે જન્મતાવેંત તરછોડી, રડી નહીં ને નામ ‘હસ્તી’ રખાયું

**ડિંડોલીના** દેલાડવા ગામના તળાવની પાળ પરથી ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી

**ડિંડોલી** પોલીસનું પ્રસંશનીય પગલું, બાળકીના ઉછેરની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી લીધી

### બાળકીનાં માતા-પિતા મળશે તો પણ હસ્તીના ઉછેરની જવાબદારી ડિંડોલી પોલીસ ઉપાડશે

પીએસઆઇ દિવ્યા ઓડેદરાએ જણાવ્યું કે, આ બાળકીનું નામ પોલીસે હસ્તી રાખ્યું છે. આ સાથે જ બાળકીના ઉછેરની સંપૂર્ણ જવાબદારી ડિંડોલી પોલીસ સ્ટેશનના પીઆઇ ચુડાસમા સહિતનો સ્ટાફ ઉપાડશે. બાળકીના માતા-પિતાને શોધવાની કાર્યવાહી ચાલી રહી છે. તેઓ મળે છતાં બાળકીનો ઉછેર ડિંડોલી પોલીસ કરશે. બાળકીના નામ પર એક બેન્ક એકાઉન્ટ પણ ખોલાવવામાં આવશે.

સુરતઃ નવજાત બાળકીને ત્યજી દેવાની વધુ એક અરેરાટીપૂર્ણ ઘટના સામે આવી છે. ડિંડોલીના દેલાડવા ગામના તળાવ કિનારે ગામના રહીશ વિપુલભાઈને એક નવજાત બાળકી મળી આવી હતી. તેની જાણ થતાં સરપંચ સહિત ગામલોકો ભેગા થયા હતા. આ બાળકી દેલાડવા ગામમાં તળાવ કિનારે શ્રીરામ ભગવાનના મંદિર પાસે તળાવની પાળ પર કપડામાં વિંટાળેલી હાલતમાં મળી હતી.

ઠંડી રાતમાં બાળકીને કોઈ કઠોર હૃદયની જનેતા કપડામાં વીંટળીને મુકી ગઈ હોય, ગામ લોકોના મોંઢામાંથી સિસકારો નીકળી ગયો હતો. પરંતુ આશ્ચર્યજનક રીતે બાળકી બિલકુલ રડી નહોતી. બાળકી સાથે કશુંક અગમ્ય બન્યું હોવાનો ધ્રાસકો ગામલોકોના મનમાં પેઠો હતો. સરપંચે બાળકીને ઉપાડી હતી, ત્યારે ચમત્કાર સર્જાયો હતો. સામાન્ય રીતે આવા કેસમાં બાળકો પર કીડી, મંકોડા ચઢ્યા હોય તેથી તે રડતા હોય છે, પરંતુ આ બાળકી તો હસતી જોવા મળી હતી. જાણે કહેતી હોય જન્મ આપનારા ભલે છોડી ગયા મારો પાલનહાર તો તે ઉપરવાળો છે. મારે શેની ચિંતા?

દેલાડવા ગામના સરપંચ હાર્દિક પટેલે કહ્યું કે, નવજાત બાળકીના પેટની નાભિના ભાગે નાળ પણ જોડાયેલી હતી, તેથી જન્મતાવેંત જ તેને તરછોડી દેવાઈ હોવી જોઈએ.

## સુરતમાં 2 લાખ એમ્બ્રોઈડરી મશીનથી મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન

સુરતઃચેમ્બર અને સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે તા. ૯, ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી દરમ્યાનક દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ‘સુરત ઈન્ટરનેશનલ ટેક્સટાઈલ એન્ડ મશીનરી એક્ષ્પો - સીટમે ૨૦૨૬’નો શુક્રવારથી શુભારંભ થયો છે. સુરતના કલેક્ટર ડો. સૌરભ પારધી ઉદ્દ્ઘાટક તરીકે પધાર્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ટેક્સટાઈલ ઉદ્યોગ ખેતી બાદ દેશનો સૌથી વધુ રોજગારી આપતો ઉદ્યોગ છે. સુરત શહેરમાં આશરે ૨૪ લાખ લોકોને ટેક્સટાઈલ ઉદ્યોગ દ્વારા રોજગારી પ્રાપ્ત થઈ રહી છે.

# સુરતમાં ઠંડી જામી, લઘુત્તમ તાપમાન ઘટીને 15.0 ડિગ્રી

**મહત્તમ** તાપમાન પણ 1.4 ડિગ્રી ઘટીને 29.2 નોંધાતા બપોરે પણ ઠંકડ વર્તાઈ, ઠંડી તીવ્ર બનવાની આગાહી

સુરતઃ સુરત શહેરમાં ગઈકાલની સરખામણીમાં આજે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, જેના કારણે શિયાળાની અસર વધુ સ્પષ્ટ બનતી જઈ રહી છે.

હવામાન વિભાગના આંકડા મુજબ 8 જાન્યુઆરી 2026ના રોજ શહેરનું મહત્તમ તાપમાન 30.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આજે 9 જાન્યુઆરી 2026ના રોજ ઘટીને 29.2 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. આ રીતે મહત્તમ તાપમાનમાં પણ 1.4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. લઘુત્તમ તાપમાનમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન 15.8 ડિગ્રી હતું, આજે તે ઘટીને 15.0 ડિગ્રી નોંધાયું હતું. એટલે કે રાત્રીના તાપમાનમાં 0.8 ડિગ્રીનો ઘટાડો થયો છે, જેના કારણે વહેલી સવાર અને મોડી રાત્રે ઠંડીનો અહેસાસ વધ્યો છે.

આ ઉપરાંત હવામાં ભેજનું પ્રમાણ પણ ઘટ્યું છે. ગઈકાલે 57 ટકા રહેલો ભેજ આજે ઘટીને 54 ટકા થયો હતો, એટલે કે ભેજમાં 3 ટકાનો ઘટાડો નોંધાયો છે. હવામાં શુષ્કતા વધતા ઠંડક વધુ અનુભવાય છે. વાયુમંડલીય દબાણમાં પણ નાનો ફેરફાર જોવા મળ્યો છે. પવનની દિશામાં પણ ફેરફાર નોંધાયો છે. ગઈકાલે ઉત્તર દિશાનો 8 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો હતો, જ્યારે આજે ઉત્તર-પશ્ચિમ દિશાનો સમાન ઝડપે પવન ફૂંકાયો હતો.

# ઉધોગપતિ જયેશ દેસાઈને સચિન તેંડુલકર દ્વારા પુત્રના લગ્નમાં આવવા આમંત્રણ

**સચિન** તેંડુલકર સપરિવાર રાજહંસ (દેસાઈ-જૈન) ગ્રુપના ચેરમેન જયેશ દેસાઈના ઘરે જમ્યા, સુરતી જમણનાં વખાણ પણ કર્યા

સુરતઃ આજે સુરતમાં આવેલા જાણીતા કિક્રેટર સચિન તેંડુલકર સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને રાજહંસ (દેસાઈ-જૈન) ગ્રુપના ચેરમેન જયેશભાઈ દેસાઈના ઘરે પણ મહેમાન બન્યા હતા. સચિન તેંડુલકરે સહપરિવાર જયેશભાઈ દેસાઈના પરિવારની મુલાકાત લઈને તેમને પોતાના પુત્ર અર્જુનના લગ્નમાં ઉપસ્થિત રહેવા માટે કંકોત્રી પણ આપી હોવાનું જાણવા મળ્યું છે.

સુરતના ઉદ્યોગપતિ જયેશભાઈ દેસાઈ અને સચિન તેંડુલકર વચ્ચેનો નાતો ઘણો જુનો છે. જયેશભાઈએ સચિન તેંડુલકરની ફેરારી કાર પણ ખરીદી હતી. આજે જ્યારે એક કાર્યક્રમ માટે સચિન તેંડુલકર સુરત આવ્યા ત્યારે તેઓ એરપોર્ટ પરથી ઉતરીને સીધા જયેશભાઈ દેસાઈના ઘરે હંકારી ગયા હતા. સવારે 11-20 કલાકે આવેલા સચિન તેંડુલકર જ આશરે ત્રણેક કલાક જયેશભાઈના ઘરે રોકાયા હતા અને તેમની મહેમાનગતિ માણી હતી. સચિન તેંડુલકર પોતાની પત્ની અંજલી અને પુત્રી સારા સાથે આવ્યા હતા. સચિન તેંડુલકરે ગુજરાતી થાળી ખાધી હતી અને સાથે સાથે સુરતના જમણના વખાણ કર્યા હતા. સચિન તેંડુલકરે જયેશભાઈના પરિવારને પોતાના પુત્ર અર્જુનના આગામી તા.5મી માર્ચના રોજના લગ્નની કંકોત્રી આપવાની સાથે લગ્નમાં સહપરિવાર પધારવા માટે આમંત્રણ પણ આપ્યું હતું.

# સુરત કે લોગો કા હૃદય સે ધન્યવાદ, મૈં બાર-બાર સુરત આઉંગા: અમિતાભ

**સુરતમાં** પોતાના ચાહક સુનિલ શાહના ઘરે આવેલા અમિતાભ બચ્ચને સુરતનાં લોકોનાં વખાણ કર્યા

સુરતઃ ‘આપ સબ સુરત કે લોગો કો હૃદય સે બહોત ધન્યવાદ કરતે હૈ, આપના સ્નેહ ઔર પ્યાર ઈતના જબરદસ્ત રહા હૈ કી મૈં આપકો ઔર એક વાદા કરતાં હું કી મૈં બાર-બાર સુરત આ ઉંગા।’ તેમ આજે સુરત પધારેલા બોલીવુડ ફિલ્મજગતના મેગાસ્ટાર અમિતાભ બચ્ચને જણાવ્યું હતું. આજે સુરત આવેલા અમિતાભ બચ્ચને સુરતમાં પોતાના ખાસ ચાહક સુનિલ શાહની મહેમાનગતિ માણી ત્યારે ઉક્ત શબ્દો કહ્યા હતા. સુરતમાં એરપોર્ટ પર ઉતર્યા બાદ અમિતાભ બચ્ચન પોતાના ચાહક અને શિશ ગ્રુપ કંપનીના માલિક સુનિલ શાહના પાલ-હજીરા રોડ પરના કાસા રિવેરા ખાતેના નિવાસસ્થાને ગયા હતા. પ્રવેશની સાથે જ ભવ્ય સ્વાગત બાદ અમિતાભે કાસા રિવેરા એપાર્ટમેન્ટના વખાણ કર્યા હતા અને બાદમાં એપાર્ટમેન્ટના બેન્ક્વેટ હોલ ખાતે સુનિલ શાહ અને તેના પરિચિતો-મિત્રોને સંબોધન કર્યું હતું. અમિતાભે બે કલાક સુનિલ શાહની મહેમાનગતિ માણી હતી. બાદમાં અમિતાભ બચ્ચન હોટલ ખાતે રવાના થયા હતા. છેલ્લે રાત્રે અમિતાભ બચ્ચનને સુનિલ શાહે એરપોર્ટ પરથી વિદાય આપી હતી.

વિડીયો જોવા માટે આ QR કોડ સ્કેન કરો

### સુરતી જમણનો કોઈ જવાબ નથી: અમિતાભ બચ્ચન



ચાહક સુનિલ શાહે જણાવ્યું હતું કે, તેમના ઘરમાં અમિતાભે ગુજરાતી અને રાજસ્થાની ભોજનનો સ્વાદ માણ્યો હતો. અમિતાભ બચ્ચન ઈતિહાસમાં પ્રથમ વખત છે કે પોતાના કોઈ ચાહકને ત્યાં જમ્યા હોય. જમ્યા બાદ અમિતાભે સુરતી જમણના વખાણ કર્યા હતા અને જણાવ્યું હતું કે, સાચું જ કહ્યું છે કે સુરતી જમણનો કોઈ જવાબ નથી.

### અમિતાભે પોતાની દીવાલ પ્રતિમાનું અનાવરણ પણ કર્યું



ચાહક સુનિલ શાહ દ્વારા અમિતાભ બચ્ચન માટે પોતાના ફ્લેટમાં જ એક ખાસ રૂમ બનાવવામાં આવ્યો છે. આ રૂમમાં અમિતાભની દિવાલ પ્રતિમા બનાવવામાં આવી છે. અમિતાભ બચ્ચને આ દિવાલ પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. અમિતાભે આ સમયે કહ્યું હતું કે, ‘મૈંને વાદા કીયા થા તો મૈં આ ગયા’.

### સુરતના મહેમાન બનેલા અમિતાભ બચ્ચનને મેયરે હીરા જડિત પોર્ટ્રેટ ભેટ આપ્યું



સુરતની મુલાકાતે આવેલા બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન સાથે સુરતના મેયર દક્ષેશ માવાણીએ વિશેષ મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન સ્વચ્છતા ક્ષેત્રે દેશભરમાં પ્રથમ ક્રમે આવેલી સુરત મહાનગરપાલિકાની વિવિધ સિદ્ધિઓ અંગે સકારાત્મક ચર્ચાઓ કરવામાં આવી હતી. આ તકે અમિતાભ બચ્ચને સુરતની વિકાસગાથા અને સ્વચ્છતા પ્રત્યેની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. ડાયમંડ સિટીની મુલાકાતની સ્મૃતિરૂપે મેયર દક્ષેશ માવાણી દ્વારા અમિતાભ બચ્ચનને હીરાનું એક સુંદર પોર્ટ્રેટ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યું હતું.

### ચારે બાજુ સડેલા બટાકા-ચણાની વાસ આવતી હતી

# પાણીપુરીના 235 કિલો બટાકા-ચણા અને 10 હજાર પુરી કચરામાં ફેંકાયા

અખાદ્ય જથ્થાનો નાશ, રૂ.48 હજારનો દંડ ફટકારાયો

સુરતઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ખાદ્ય પદાર્થોના વિક્રેતાઓ સામે ઝુંબેશ વધુ કડક બનાવવામાં આવી છે. બે દિવસ અગાઉ પાંડેસરા વિસ્તારમાં પાણીપુરીના કારખાનાઓ પર દરોડાની કાર્યવાહી બાદ હવે અઠવા ઝોનના આરોગ્ય વિભાગે અલથાણ અને ભટાર વિસ્તારમાં પાણીપુરીના લારી-ગલ્લાઓ પર આકસ્મિક દરોડા પાડી મોટી કાર્યવાહી હાથ ધરી છે. આ દરમિયાન કુલ રૂ.48,000નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

આરોગ્ય વિભાગની ટીમે ગોકુલનગર (અલથાણ), ભટાર વિસ્તાર તેમજ શ્યામ મંદિરથી સંગિની સર્કલ સુધીના મુખ્ય માર્ગો પર સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કુલ 18 જેટલી સંસ્થાઓ અને એકમોનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં અનેક સ્થળે ગંદકી, સ્વચ્છતાનો ગંભીર અભાવ તેમજ અખાદ્ય સામગ્રીનો ઉપયોગ થતો હોવાનું સામે આવ્યું હતું.

દરોડા દરમિયાન તંત્ર દ્વારા સ્વાસ્થ્ય માટે હાનિકારક ખાદ્ય પદાર્થોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. અંદાજે 235 કિલો જેટલા બગડેલા બટાકા, ચણા તેમજ માવા-મસાલાનો નાશ કરાયો હતો. આ ઉપરાંત આરોગ્યપ્રદ ન હોય તેવી આશરે 10,000 નંગ પાણીપુરી કચરામાં ફેંકી દેવાઈ હતી. પાણીપુરીમાં વપરાતું પાણી ગટરમાં નાંખી દેવાયું હતું. સાથે સાથે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો અંદાજે 6 કિલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

# મેટ્રોની કામગીરી બદ્રીનારાયણ ભક્તો માટે પણ બની ‘વિલન’

**સાંસદ** મુકેશ દલાલે મેટ્રોના અધિકારીઓને સમસ્યા નિવારવા સૂચના આપી

### અનેક જગ્યાએ મહિનાઓથી એક તરફના રસ્તા બંધ, ધંધા-વેપાર ચોપટ

- » કેબલ સ્ટેઇડ બ્રિજ જ્યાં ઉતરે છે તે સ્ટાર બજાર પાસેથી પી.પી.સવાણી તરફ જવાનો રોડ એક તરફથી બંધ
- » નાનપુરા એકતા સર્કલથી કાદરશાની નાળ અને કાદરશાની નાળથી મજુરા ગેટનો એક તરફનો રસ્તો બંધ
- » રાજમાર્ગ પર બે વર્ષથી ટાવરથી મોતી ટોકીઝ સુધીનો રસ્તો ઠેક ઠેકાણે બંધ
- » લંબે હનુમાન રોડ પર માતાવાડી સર્કલથી સૈફી સોસયટી તરફ જતો અને માતાવાડીથી લાભેશ્વર મંદિર જતો રસ્તો બંધ
- » પાનલપોર જકાતનાકાની આસપાસ માંડ માંડ વાહન ચાલી શકે તેટલા બેરિકેડ કરી દેવાયા

સુરતઃ સુરત શહેરમાં ચાલી રહેલી મેટ્રો ટ્રેનની કામગીરી હવે સામાન્ય નાગરિકો બાદ ભગવાનના ભક્તો માટે પણ આફતરૂપ સાબિત થઈ રહી છે. અડાજણના સુપ્રસિદ્ધ બદ્રીનારાયણ મંદિરની આસપાસ મેટ્રોના પ્રોજેક્ટને કારણે રસ્તાઓ પર અવરોધ ઊભો થયો છે.

મંથર ગતિએ ચાલતી કામગીરીને લીધે મંદિરે દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ભક્તોનો આક્ષેપ છે કે મંદિરની આસપાસના ખોદાણ અને આડેધડ આયોજનથી અકસ્માતનો ભય પણ સતત સતાવી રહ્યો છે.

સ્થાનિકો અને ભક્તોની સતત ફરિયાદો બાદ સુરતના સાંસદ મુકેશ દલાલે મેટ્રોના ઉચ્ચ અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત કરી હતી. સાંસદની ઓચિંતી મુલાકાતને પગલે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. તેમણે સ્થળ પરની ગંભીરતા જોઈને અધિકારીઓને તાત્કાલિક અસરથી લોકોની સમસ્યા નિવારવા અને ભક્તોને મંદિરે જવામાં કોઈ અવરોધ ન આવે તેવું આયોજન કરવા કડક સૂચના આપી છે.

### અમિતાભને જોવા માટે ઉમટી પડેલા ચાહકોએ કાસા રિવેરાના મુખ્ય પ્રવેશ દ્વારનો કાચનો ગેટ તોડી નાખ્યો

કાસા રિવેરા એપાર્ટમેન્ટ ખાતે જ્યારે અમિતાભ બચ્ચન આવ્યા ત્યારે તેમને મળવા માટે ચાહકો ઉમટી પડ્યા હતા. અમિતાભે જ્યારે એપાર્ટમેન્ટમાં પ્રવેશ કર્યો ત્યારે ભીડે પણ એકસાથે પ્રવેશવાનો પ્રયાસ કરતાં ધક્કામુક્કી થતાં એપાર્ટમેન્ટના મુખ્ય પ્રવેશ દ્વારનો કાચનો ગેટ તૂટી ગયો હતો.